# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ સાધ્વીજી મ.સા. જિનશાસનની અદ્ભૂત મૂડી ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

## સાધ્વીજી મ.સા. જિનશાસનની અદ્‌ભૂત મૂડી

Aryika, also called as Sadhvi, is a female mendicant (nun) in Jainism. The nuns renounces everything that gives them a status of luxury, such as jewellery, footwear, clothing and even electricity.

જૈનશાસનમાં અપેક્ષાએ પૂ. સાધ્વીજી મ.સા.ની તાકાત અજબગજબની છે. જો તેઓના વડીલ સાધુ ભગવંતો દરેક સાધ્વીજી મ.સા.ની શક્તિ પ્રમાણે કાર્ય સોંપે તો જૈનશાસનનો ડંકો વાગી જાય. પૂ. સાધ્વીજી મ.સા. નો લાભ જૈન સંઘ ખાસ લઇ શકતું નથી. જ્યારે પણ સાધ્વીજી મ.સા. પધારે ત્યાં સંઘ પહેલેથી તૈયાર હોવો જોઇએ. જો સંઘના ટ્રસ્ટીઓની દૃષ્ટિ બદલાય અને સંઘમાં આવતા પૂ. સાધુ-સાધ્વીજી મ.સા. દ્વારા જૈનસંઘની કાયા પલટ થાય તેવા કાર્ય થઇ શકે. પ્રથમ સંઘની મુખ્ય બહેનો જ આયોજન ગોઠવે અને પૂ. સાધ્વીજી મ.સા.ને બોલાવે અને પહેલા દિવસે જ જાહેરાતના કારણે બહેનો ઉપાશ્રયમાં આવતા થઇ જાય. મુખ્ય બહેનોને ટ્રસ્ટીઓનો સપોર્ટ હોય તો બહેનો જ બધું આયોજન ગોઠવે અને સાધ્વીજી મ.સા. વ્યાખ્યાનાદિ દ્વારા બહેનોનું જીવન ઉજ્જવળ બનાવે.

Jain nuns spend their time for spiritual uplifting their souls and guiding householders to uplift their souls.

ધારો કે, વ્યાખ્યાનમાં ૧૦૦ બહેનો આવી. સાધ્વીજી મ.સા. દર મહિને ૧ બહેનના જીવનમાં પરિવર્તન લાવવાનું જણાવે તો ૧૦૦ બહેનો દ્વારા વર્ષે ૧૨૦૦ બહેનોનું પરિવર્તન થાય અને

જો આવા ૧૦૦ સાધ્વીજી મ.સા. પ્રયત્ન કરે તો ૧,૨૦,૦૦૦ બહેનોના જીવનમાં પરિવર્તન આવે. જો બહેન સુધરે તો કુટુંબમાં પરિવર્તન આવે. ૧ ઘરમાં ૪ ની એવરેજ મૂકો તો ૪,૦૦,૦૦૦ ના જીવનમાં પરિવર્તન ૧ વર્ષમાં આવે. આમાં ૧૦ વર્ષે મહેનત કરવાની થાય તો ૧૨,૦૦,૦૦૦ બહેનોનું પરિવર્તન થાય અને ૪૮ લાખ જૈનો અજૈન બનતા અટકે. આમ કેટલું મોટું કાર્ય થાય. સાધ્વીજી મ.સા. પોતે ઉત્સાહી હોય તો આ કાર્ય થઇ શકે. નહિતર ન થાય.

### સાધ્વીજી મ.સા. ના ચોમાસા કે શિબિર દ્વારા થતાં ફાયદા :

૧. સારા અભ્યાસી બહેનોને વિશિષ્ટ અભ્યાસ કરાવે.

૨. સારો અભ્યાસ કરાવવાથી પદાર્થો એકદમ દૃઢ થવા જોઇએ. તમારી પાસે પૂ. સાધ્વીજી મ.સા. પધારે તો વધુમાં વધુ લાભ લેવો જોઇએ. અને જે બહેનો વિશિષ્ટ અભ્યાસ કરી શકે તેવા હોય તેને ઠોસ અભ્યાસ કરાવે.

૩. આચાર પાલનમાં જે બહેનો ચુસ્ત હશે તે પોતાના family માં પણ પોતે ચુસ્ત શ્રાવિકા બનીને બીજાને પ્રભુશાસનના ચુસ્ત શ્રાવક-શ્રાવિકા બનાવશે.

૪. જો સાધ્વીજી મ.સા. ઘરના સર્વે બહેનોને સુધારે તો આખું ઘર સુધરી જાય કારણ ઘરનો મુખ્ય આધાર બહેનો છે અને ઘરના સભ્યો સુધરે તો કુટુંબીઓ પણ સુધરી શકે તેમ છે.

૫. સાધ્વીજી ભગવંતો ઘરમાં સાસુ-સસરા, જેઠાણી-દેરાણી સાથે કેવી રીતે રહેવું તે અવસરે-અવસરે સમજાવે તેથી સહનશીલતાની ટોચ નારીમાં આવી જાય તો ઘરના કંકાસ ઓછા થાય છે. ઉપાશ્રયમાં જે વ્યક્તિ સારી હોય તે ઘરે સારી હોય

તેવું નથી. કોઇકનો સ્વભાવ ઓછો વત્તો રહેવાનો છે તે નભાવી લેવો જોઇએ.

૬. સાધ્વીજી ભગવંતો ખાસ કરીને બહેનોને ભક્ષ્ય-અભક્ષ્યની વિશેષ સમજણ આપે. કયા ખાવાના પદાર્થોમાં શું આવે અને શું ન આવવું જોઇએ તે સમજાવે. કોથમરી-કેરી-આદિનો કાળ સમજાવે જેથી અભક્ષ્ય વસ્તુ વાપરવાની બંધ થાય.

૭. સાધ્વીજી મ.સા.નું બહેનો જલ્દી માને. તેથી હૃદય પરિવર્તન દ્વારા જીવન પરિવર્તન થાય. જો બહેન ભાવુક હોય તો તેઓ સાધ્વીજી મ.સા. દ્વારા ઘણી પ્રવૃત્તિઓમાં જોડાય અને પરિણતિ સુધારતા જાય છે. સાધ્વીજી મ.સા. પણ જે બહેનો જેવા હોય તે પ્રમાણે તેઓને કાર્ય સોંપે અને ધર્મમાં જોડે છે.

૮. સાધ્વીજી મ.સા. જો મહેનત કરે તો સ્થાનિક પાઠશાળાઓને દોડતી કરે. સ્થાનિક પાઠશાળાઓ ભવિષ્યના રત્નોથી ભરેલી છે. તેથી તેમાં જો ધાર્મિક શિક્ષિકાને સમજાવે તો Quantity & Quality બન્ને વધે. સાધ્વીજી મ.સા.ના સત્સંગથી ઘણા બહેનો કર્મનો નાશ કરે. નવા પુણ્યનો બંધ કરે.

૯. સાધ્વીજી મ.સા. ના પરિચયથી ઘણા મૂંઝવતા પ્રશ્નોનો નિકાલ થાય. જો Personal Meeting થાય તો ઘણો chance આવે. કારણ ઘણા વર્ષોના પ્રશ્નોનું નિરાકરણ જરૂરી હોય છે.